કોંગ્રેસના પાંચ પૂર્વ ધારાસભ્યોએ ભાજપનો ખેસ પહેર્યો

જનપ્રતિનિધિઓ કોંગ્રેસમાં ગુંગળામણ અનુભવે છે : કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યોના પક્ષ પ્રવેશ માટેના સમારોહમાં ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના કોંગ્રેસ ઉપર પ્રહાર

ગાંધીનગર, તા. ૨૭

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે

તીવ્ર જૂથબંધી, આંતરિક વિખવાદ તથા અંદરોઅંદરની તીવ્ર ખેંચતાણ અને હુંસાતુસી ને કારણે કોંગ્રેસ આપમેળે જ તૂટી રહી છે. કોંગ્રેસને જનતાની નહીં પણ ગાંધી પરિવારના એકચક્રી આધિપત્યને જાળવી રાખવાની ચિંતા છે તેના પરિણામસ્વરૂપ કોંગ્રેસના જનપ્રતિનિધિઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે. ધારી, મોરબી, અબડાસા, કપરાડા અને કરજણ વિધાનસભાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય શનિવારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ગાંધીનગરના કમલમ ખાતે ખેસ પહેરાવી ભાજપામાં વિધિવત પ્રવેશ કરાવ્યો હતો. ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ગાંધીનગર ખાતે ધારીના પૂર્વ ધારાસભ્ય જે.વી કાકડિયા, મોરબીના પૂર્વ ધારાસભ્ય બ્રિજેશ મેરજા, અબડાસાના પૂર્વ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, કપરાડાના પૂર્વ ધારાસભ્ય જીતુ ચૌધરી અને કરજણના પૂર્વ ધારાસભ્ય અક્ષય પટેલ એમ પાંચ વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યોને ભાજપનો ખેસ પહેરાવીને પક્ષમાં વિધિવત પ્રવેશ કરાવાયો હતો.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસને દેશના વિકાસ, અખંડિતતા અને સંપ્રભુતાની નહીં પરંતુ ફક્ત અને ફક્ત લઘુમતી વોટબેન્કના તુષ્ટીકરણના સત્તાલક્ષી રાજકારણમાં રસ છે. દેશની જનતાએ જમ્મુ અને કાશ્મીરમાં થી કલમ ૩૭૦/ ૩૫ એ નું નિર્મૂલન, નાગરિકતા સંશોધન કાયદો, રામ જન્મભૂમિનો ચુકાદો અને ત્રિપલ તલાક નાબૂદીના નિર્ણય બાદ કોંગ્રેસનો નકારાત્મક અભિગમ જોયો અને અનુભવ્યો છે. ટુકડે ટુકડે ગેંગનું સમર્થન કરનારા કોંગ્રેસના આજે ગુજરાત સહિત દેશના અલગ-અલગ રાજ્યોમાં ટુકડા થઈ રહ્યા છે.

ફક્ત જનતાને જ નહીં હવે કોંગ્રેસના જનપ્રતિનિધિઓને પણ કોંગ્રેસના દિશાવિહિન નેતૃત્વ ઉપર ભરોસો રહ્યો નથી. વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૯૯૫થી રાજ્યની જનતાએ સતત ભાજપ પર વિશ્વાસ મૂકીને સેવા કરવાનો અવસર આપ્યો છે. ભાજપની રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ

અને વિકાસલક્ષી રાજનીતિથી પ્રેરાઈને આ પાંચેય પૂર્વ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ રહ્યા છે. ભાજપામાં જોડાયેલા પૂર્વ ધારાસભ્યો ભાજપમાં જોડાવા સાથે પક્ષના અદના કાર્યકર્તા તરીકે કાર્ય કરવાનો અને ભાજપાના સંગઠનને વધુ મજબૂત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

ખૂણેખાંચરેથી

- ઘણા લાંબા સમય પછી વોર્ડ-૧ અને ૪ માં માર્ગોની સુધારણા માટે મનપાની સ્થાયી સમિતિએ જે રકમ પા.યો.વિ.ને ફાળવી તે નિર્ણયને સુરેશ મહેતાએ આવકારી અને ચૂંટાયેલી પાંખનો આભાર માન્યો છે.
- ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં યોગ્ય માટી પુરાણ નહિ થતાં પડી ગયેલા ખાડાઓથી લોકોમાં ભયની લાગણી ઉભી થઈ છે.
- કોબા સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે પૂર્વ ધારાસભ્યોને પક્ષમાં પ્રવેશ આપવા યોજાયેલા કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાયુ ન હતુ અને સરકારની સૂચનાના લીરા ઉડ્યા હતા.
- ધો. ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના ગુણપત્રકનું વિતરણ સોમવારથી તબક્કાવાર હાથ ધરવામાં આવશે.
- સે. ૨ માં સરકારી દવાખાના નજીક પાણીની પાઈપલાઈનમાં થયેલ લીકેજ અંગે વારંવારની રજુઆત પછી પણ રિપેરીંગ ન થતાં લોકોમાં રોગચાળાના ભય સાથે નિરાશા વ્યાપી છે.
- પાટનગરના મોર્નિંગ વોકર્સમાં આયુર્વેદના ઉકાળાએ ભારે આકર્ષણ જમાવ્યુ છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ચૂપ રહે,... તું મારા જેટલો ન વધી શકે... તારાથી તો લોકોને બચાવવાવાળા પ્રમાણિક ડોક્ટરો નર્સો અને પોલીસ છે... મારાથી બચાવવા આ લોકો પાસે કોઈ જ નથી...

આંતરરાજ્ય સિવાયની એક્સપ્રેસ બસો શરૂ થશે

૧ જુલાઇથી નિગમની આવકમાં વધારો થાય અને મહત્તમ મુસાફરોને એસટી બસનો લાભ મળે તે માટે નિર્ણય

ગાંધીનગર, તા. ૨૭

બસો શરુ કરવામાં આવી છે પરંતુ સોસીયલ ડિસ્ટન્સ, ઓછા મુસાફરો વગેરે કારણોને લઈને નિગમની આવક તળિયે છે. ત્યારે આગામી ૧ જુલાઈથી નિગમની આવકમાં વધારો થાય અને મહત્તમ મુસાફરોને એસ.ટી બસનો લાભ મળે તે માટે આંતરરાજ્ય સિવાયની તમામ એક્સપ્રેસ બસોનું સંચાલન શરૂ કરવાનો નિર્ણય એસ.ટી નિગમ દ્વારા લેવામાં આવેલ છે. જે અંતર્ગત જિલ્લાથી જિલ્લા અને તાલુકાથી તાલુકાને જોડતી પોઈન્ટ ટુ પોઈન્ટ લોકલ સર્વિસનું સંચાલન હાથ ધરાશે. ગ્રામ્ય વિસ્તારોનું સંચાલન હાલ પૂરતું હંગામી ધોરણે સ્થગિત રહેશે. તમામ એક્સપ્રેસ સર્વિસોનું ઓનલાઈન બુકિંગ થઈ શકશે.આ ઉપરાંત નિગમની આવક વધારવા કેટલાક નિર્ણયો લેવામાં આવ્યાં છે. જેમ કે રૂપિયા દસ કરતાં ઓછી પ્રતિ કિલોમીટર આવક ધરાવતી એક્સપ્રેસ કે લોકલ સર્વિસ રદ કરવામાં આવશે અથવા તેનું દૈનિક ધોરણે રેશનલાઈઝેશન કરવામાં આવશે. ૧૫ કરતાં ઓછા મુસાફરો ધરાવતી એક્સપ્રેસ કે લોકલ સર્વિસને રદ કરવામાં આવશે અથવા તેનું દૈનિક ધોરણે રેશનલાઈઝેશન કરવામાં આવશે. સોશિયલ ડિસ્ટન્સ જાળવવું જરૂરી હોવાથી તમામ સર્વિસનું સંચાલન મુખ્ય રીતે મોટા વાહનોથી જ

કરવામાં આવશે. જુદા જુદા વિભાગોએ આંતર સંકલન કરીને વ્યવસ્થા ગોઠવવાની રહેશે. મહત્તમ ટ્રાફિક મળે તેવા પિકઅપ અને ડ્રોપ પોઈન્ટથી મુસાફરોનો સમાવેશ થાય અને સાથે થર્મલ સ્ક્રિનિંગ થાય તેનું પણ ધ્યાન રાખવાનું રહેશે.જો એક જ ગ્રૂપમાં વધુ મુસાફરો દ્વારા વધુ રિઝર્વેશનની માગણી થાય તો બસોની ફાળવણી કરવાની રહેશે.ઉલ્લેખનીય છે કે, લોકડાઉન બાદ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા એસટી બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. પરંતુ એક તરફ મુસાફરો ઓછા મળે છે અને બીજી તરફ સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમો પાળવાના હોવાથી ખર્ચો વધ્યો છે અને સામે આવક ઘટી છે.

પુંઘરામાં કુદરતના કાળનો કોળિયો બનનાર દીકરીઓના પરિવારને ચાર-ચાર લાખની સહાય

પરિવારને સહાયની રકમ ઝડપી ચુકવવામાં જિલ્લા વિકાસ અધિકારીની સંવેદના અને તાલુકા કક્ષાના કર્મયોગી-અધિકારીઓનો માનવીય અભિગમ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંઘરા ગામમાં તા. ૨૫મી જૂનના રોજ વીજળી પડવાના કારણે ૧૨ વર્ષીય મીતલબેન અને ૧૫ વર્ષીય સોનલબેનનું કરૂણ મૃત્યૂ થયું હતું. આ બન્ને દીકરીઓના પરિવારને ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાનની સંવેદના અને સતર્કતાના કારણે સરકાર તરફથી મળવાપાત્ર મળતી રૂપિયા ચાર-ચાર લાખ મળી કુલ –આઠ લાખ રુપિયાની સહાય આજરોજ તા. ૨૭મી જૂનના રોજ ચુકવવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં તા. ૨૫મી જૂનના રોજ બપોરના સુમારે ભારે વરસાદ આવે તેવું વાતાવરણ બંધાયું હતું. આ સમયે આકાશી વીજળી માણસા તાલુકાના પંઘુરા ગામમાં પડી હતી. જેમાં ગામની ૧૨ વર્ષીય દીકરી મિત્તલબેન લાખાભાઈ ભરવાડ અને ૧૫ વર્ષીય સોનલબેન અર્જુનસિંહ રાઠોડ વીજળીના કારણે દાઝી ગઈ હતી. આ બન્ને દીકરીઓને ૧૦૮ બોલાવી તાત્કાલિક સારવાર અર્થે સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વિજાપુર ખાતે લઈ જવામાં આવી હતી. પરંતુ કુદરતના કાળનો કોળિયો આ બન્ને દીકરીઓ બની ગઈ હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આ દુઃખદ ઘટનાનો ભોગ બનનાર બન્ને દીકરીઓના પોસ્ટમોર્ટમ રીપોર્ટ ઝડપથી અને રૂબરૂમાં મેળવવામાં સૂચના આપી હતી. તા. ૨૬મી જૂનના રોજ કુદરતના કાળનો ભોગ બનેલી બન્ને દીકરીઓના પરિવારને સહાય ચુકવવા માટે રાત્રિના સમય પોલીસ કાર્યવાહીનો રીપોર્ટ પણ મેળવી લેવામાં આવ્યો હતો. તેમજ તાલુકા પંચાયત કચેરી અને ગ્રામ પંચાયત કચેરીના સંવેદનશીલ કર્મયોગીઓ- અધિકારીઓ દ્વારા મોડી રાત્રિ સુધી માનવીય અભિગમ અપનાવ્યો હતો. જરૂરી સાધાનિક પુરાવા એકઠા કરીને એક દરખાસત જિલ્લા પંચાયત મોકલી આપવામાં માટે તૈયાર કરી હતી. બંને દીકરીઓના પરિવારને સહાય મળી રહે તે માટેની કાર્યવાહી પૂર્ણ કરી હતી.

૨૯ જૂનથી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટોનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૭

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ઓનલાઈન પરિણામ આવ્યાં બાદ હવે વધુ તેને લઈને એક સમાચાર આવ્યાં છે. ઓનલાઈન પરિણામ બાદ હવે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ આગામી તારીખ ૨૯ જૂનથી વિતરણ કરવામાં આવશે. તેની માર્કશીટનું વિતરણ સ્કૂલવાર કરવામાં આવશે. કોરોના મહામારીનાં સંકટને કારણે પરિણામ વિતરણ જિલ્લાનાં કેન્દ્ર પરથી કરવાનું નથી. પરંતુ તાલુકાવાર કરવાનું રહેશે. નોંધનીય છે કે, તારીખ ૧૫ જૂનનાં રોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું હતું. જેની માર્કશીટ આજે તાલુકાવાર અને સ્કૂલવાર મોકલવામાં આવી છે.

આ માર્કશીટનું સમયસર વિતરણ થાય તે માટે મોડામાં મોડી ૨૮ જૂન સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે માર્કશીટો મોકલી દેવામાં આવશે. બાદમાં ૨૯ જૂનથી માર્કશીટનું વિતરણ કરવામાં આવશે પરંતુ એમાં પણ કોરોનાને લઈને સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાનમાં રાખતા વિદ્યાર્થીઓને એક સાથે સ્કૂલમાં બોલાવવામાં નહીં આવે. જિલ્લા શિક્ષણાધિકારી તાલુકા દીઠ માર્કશીટ મોકલાવશે. તાલુકા કક્ષાએ માર્કશીટનાં વિતરણની વ્યવસ્થા ગોઠવવી પડશે. જેમાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ અને સેનેટાઈઝની સુવિધા તથા તાલુકા શાળાઓની સંખ્યાને ધ્યાને લઈ ઓછી ભીડ થાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવી પડશે. આ સાથે સાથે ગરબા કે સરઘસનું આયોજન ન થાય તેનું ધ્યાન રાખવા અંગેની પણ વિનંતિ કરવામાં આવી છે.

કોંગ્રેસ દ્વારા શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ

માં મોભની રક્ષા કરતા કરતા લદાખની ગલવાન વેલીમા એલ.એ.સી. પર ભારતીય

સેનાના જાંબાજ ૨૦ જવાનો શહિદ થઈ વીરગતિ પામ્યા. કોંગ્રેસ પક્ષ આ વિરોને નત-મસ્તક થઈ શ્રધ્ધાંજલી આપી સલામ કરે છે. કોંગ્રેસ પક્ષ અને સમગ્ર દેશના ૧૩૫ કરોડ નાગરિકો શહિદ જવાનો તથા તેમના પરિવારજન સાથે છે. દેશવાસીઓ ચીન સાથેના સરહદ પરના વિવાદમા ભારતીય સેનાનું તન, મન અને ધનથી સમર્થન કરી તેમની પડખે છે.

કોંગ્રેસ પક્ષ અને સમગ્ર દેશ ચીને ભારતીય સેનાના જવાનો સાથે જે બર્બરતાપૂર્ણ વ્યવહાર કર્યો છે તેવા સમયે કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખિયા એવા વડાપ્રધાનની ચુપકીદીથી ખુબજ વ્યથિત છે. એવી તો શું મજબૂરી છે કે વડાપ્રધાને આ મામલે ચૂપકીદી સેવી છે ?

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાનીમા ભારતીય સેનાના જાંબાજ ૨૦ શહીદ જવાનોને શ્રધ્ધાંજલી આપી બિરદાવવા માટે આજરોજ તા.૨૬-૬-૨૦૨૦, શુક્રવારે સવારે ૧૧ કલાકે, ઘ-૫ સર્કલ, ગાંધીનગર ખાતે 'શ્રદ્ધાંજલી સહ નમન' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતુ. સદર કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, મંગલસિંહ સોલંકી, જીતેન્દ્રસિંહ સોલંકી, ખુમાનસિંહ રાણા, અશોક શ્રીમાળી, ગોપાલજી ઠાકોર સહિતના કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

VVIP, VIPઓની સુરક્ષા માટે પોલીસે ટેઝર ગન લીધી

પોલીસ વડા શિવાનંદ ઝાએ જાહેરાત કરી : તોફાનીઓ, હુમલાખોર કે વિફરેલી ભીડને કાબુમાં લેવા ગનનો ઉપયોગ થઈ શકે છે : ઈલેકટ્રિક આંચકો લાગે છે

અમદાવાદ, તા. ૨૭

VVIP, VIPઓની સુરક્ષા માટે ગુજરાત પોલીસે ૨૫ ટેઝર ગન વસાવ્યાની જાહેરાત રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝા કરી છે.

તોફાનીઓ, હુમલાખોર કે વિફરેલી ભીડને કાબુમાં લેવા માટે આ ગનનો ઉપયોગ થઈ શકે છે. આ ગન હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રીક આંચકો આપી જે તે વ્યક્તિના ચેતા સ્નાયુને અસમર્થ બનાવીને તેણે કન્ટ્રોલમાં કરે છે. ડીજીપી શિવાનંદ ઝાએ ઓછી ઘાતક ૨૫ ટેઝર ગન ગુજરાત પોલીસે વસાવ્યાની જાહેરાત કરતું ટ્વિટ કર્યું હતું.

જો કે કેટલાંક લોકોએ આ ગનનો વિરોધ કરી તેના ઉપયોગથી વ્યક્તિનું મોત નિપજી શકે તેમ જણાવ્યું હતું. ડીજીપી શિવાનંદ ઝાએ શુક્રવારે સાંજે ટ્વિટ કર્યું કે,"આધુનિકરણના પ્રયત્નોના ભાગરૂપે ગુજરાત પોલીસ એ દેશની પહેલી કાયદા અમલીકરણ એજન્સી છે કે જેણે ૨૫ ટેઝર ગન ઉમેર્યાં છે, જે તેના શસ્ત્રાગારમાં ઓછા ઘાતક શસ્ત્ર છે. ટેઝર બંદૂકોનો ઉપયોગ વીવીઆઈપી/ વીઆઈપી સુરક્ષા, ભીડ નિયંત્રણ અને ડી-એસ્કેલેશન હથિયાર તરીકે થઈ શકે છે. તેમ તેઓએ જણાવ્યું હતું."

જો કે, ડીજીપીની આ જાહેરાતને કેટલાકે બિરદાવી તો અમુક લોકોએ આ ગન વ્યક્તિનું મોત નિપજાવે તેટલી ઘાતક હોવાનો દાવો કર્યો હતો. ટેઝર ગન શું છે અને તે કેવી રીતે કામ કરે છે. આ ટેઝર અથવા સંચાલિત ઈલેક્ટ્રિકલ હથિયાર (સીડબ્લ્યુ) એ ઈલેક્ટ્રિક શોક હથિયાર છે. તે બે નાના ડાર્ટ જેવા ઈલેક્ટ્રોડ્સને આગથી કાઢે છે, જે કંડકટરો દ્વારા મુખ્ય એકમ સાથે જોડાયેલા રહે છે.

જે વ્યક્તિના ન્યુરોમસ્ક્યુલર ઈનસેપેસિટેશન (ચેતાસ્નાયુને અસમર્થ કરવા) જેવા સ્નાયુઓના સ્વૈચ્છિક નિયંત્રણમાં લેવા માટે ઈલેક્ટ્રિક પ્રવાહ પહોંચાડવાનું કામ કરે છે. ટેઝર ગન સંપૂર્ણ ટોમ એ સ્વીફ્ટ ઈલેક્ટ્રિક રાઈફલ, હેન્ડહેલ્ડ ડિવાઈસ જે હાઈ-વોલ્ટ ઈલેક્ટ્રિક આંચકો ટ્રાન્સમિટ કરીને વ્યક્તિને અસમર્થ બનાવે છે. તોફાનીઓ પર તેનો ઉપયોગ ઈલેક્ટ્રિક આંચકો આપવા માટે થાય છે.

બોગસ બિલિંગ કૌભાંડમાં સીએ સહિત ત્રણની ધરપકડ

લોકડાઉન બાદ જીએસટી વિભાગ દ્વારા પ્રથમ કેસ : સીએ સહિત ત્રણેયને જીએસટીના અધિકારીઓએ કોર્ટમાં રજુ કરીને રિમાન્ડ મેળવવા માટેની કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ, તા. ૨૭

રાજ્યમાં જુદી જુદી કંપનીઓ બનાવીને બોગસ બિલીંગ દ્વારા કરોડોની કરચોરી આચરવાના મામલે જીએસટી વિભાગે સીએ સહિત ત્રણ જણાની ધરપકડ કરી છે. સીએ સહિત ત્રણેય જણાને જીએસટીના અધિકારીઓએ કોર્ટમાં રજુ કરીને તમામ માટે રિમાન્ડ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરી છે. લોકડાઉન બાદ જીએસી વિભાગે આ પ્રથમ કેસ કર્યો છે. જીએસટી વિભાગ એન્ફોર્સમેન્ટ વિભાગે બિલીંગ કૌભાંડ અન્ય આરોપીઓના સહયોગ વગર શક્ય ન હતું. આથી વિભાગે ૧૯મી જૂન-૨૦ના રોજ સંજયભાઈ પોપટલાલ મહેતા અને ૨૨મી જૂને સીએ જશ્મીન શાહના પી.કે. ઈન્ટરનેશનલના માલિક પિયુષભાઈ ખુમચંદભાઈ જૈન, મુકેશ પ્રજાપતિ તથા મીતેશભાઈ જશવંતભાઈ શાહના ધંધા અને રહેઠાણના સ્થળોએ દરોડા પાડી તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સંજયભાઈ મહેતા, સી.એ. જશ્મીનભાઈ શાહ અને પીયૂષભાઈ જૈન વગેરે સાથે મળી સમગ્ર બીલીંગ કૌભાંડને ઓપ આપેલ હોવાનું બહાર આવ્યું હતું. સમગ્ર બિલીંગ કૌભાંડની મોડમ ઓપરેન્ડી આ મુજબ હતી. વાપી સ્થિત ફાર્માસ્યુટીકલ કંપનીમાં બોગસ મેનપાવર સપ્લાયના બિલો ઈસ્યુ કરી તેના નાણા આરટીજીએસ કે ચેક દ્વારા બોગસ પેઢીમાં મેળવવામાં આવતા હતા. આ બોગસ પેઢીઓ સાથે મેનપાવર સપ્લાય કરવાનો કરાર વાપી સ્થિત ફાર્માસ્યુટીકલ કંપની સાથે કરેલ છે ત્યારબાદ આ બોગસ પેઢીઓના ખાતામાંથી રોકડ નાણા ઉપાડી અથવા ઘોફનો ઉપયોગ કરી અન્ય ખાતાઓમાં રકમ ફેરવી તેમાંથી રોકડ નાણા આગડિયા પેઢીમાં પહોંચતા કરવામાં આવતા હતા. આ રોકડ નાણા વાપી સ્થિત ફાર્માસ્યુટીકલ કંપનીની સૂચના મુજબ તેમને તથા તેમણે જણાવેલ ભારતના વિવિધ સ્થળોએ વિવિધ વ્યક્તિઓને મોકલવામાં આવતા હતા. જીએસટી વિભાગે કરેલી તપાસમાં પુંડરીક ત્રિવેદી દ્વારા અભિષેક એન્ટરપ્રાઈઝમાં માલની હેરફેર વગર માત્ર બિલથી ખરીદી બતાવી અનુક્રમે રૂપિયા ૧૩.૨૨ કરોડની ખોટી રીતે વેરાકાપનો લાભ મેળવ્યો હતો. ત્યારબાદ આ જ મોડસ ઓપરેન્ડીથી ડિસેમ્બર ૨૦૧૭થી ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં ફરી ૧૭.૩૪ કરોડની ખોટી વેરા શાખ પાસ કરાવી હતી.

તપાસ દરમિયાન જણાયું હતું કે વાપી સ્થિત ફાર્માસ્યુટીકલ કંપની બોસ બિલ ઈસ્યુ કરવા જે.ડી. એન્ટરપ્રાઈઝ તથા મે. એસ. એમ ટ્રેડિંગ કંપનીનું પણ સંચાલન કરે છે જે તેઓએ કલમ-૭૦ નીચે આપેલ નિવેદનમાં કબુલાત કરી હતી.

પુંડરીકભાઈ ત્રિવેદી, સંજય મહેતા અને સી.એ. જશ્મીન શાહ, પિયુષ જૈન દ્વારા એકબીજાના ગુનાહિત મેળાપીપણામાં ભૂમિકા ભજવી ૧૮૨.૭૪ કરોડના બિલીંગ થકી ૨૪.૫૯ કરોડની ખોટી વેરાશાખ મેળવવાનું ગુનાહિત કાર્ય કર્યું હતું. આ તમામ કૌભાંડની રકમ ૫૫ કરોડ ઉપર થવા પામે છે. જીએસટી વિભાગે ત્રણેયની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

રેલવેને ૪ સ્ટેશનોના વિકાસ માટે ૩૨ એપ્લિકેશન મળી

૩૨ આવેદનોમાંથી ૯ સાબરમતી રેલવે સ્ટેશન માટે મળ્યા

અમદાવાદ, તા. ૨૭

આરએસડીસીએ ગ્વાલિયર,નાગપુર, અમૃતસર અને સાબરમતી રેલવે સ્ટેશનોને પ્રતિષ્ઠિત સિટી સેન્ટરોમાં બદલવાના ઉદ્દેશથી ડિસેમ્બર, ૨૦૧૯માં રીક્વેસ્ટ ફોર એપ્લિકેશન એટલે કે ખુલ્લાં બજારમાંથી આવેદન મંગાવ્યા હતાં. જે માટે ૨૬ જૂન, ૨૦૨૦ ના રોજ રેલવે સ્ટેશનોને માટે ૩૨ એપ્લિકેશન મળી હતી. જે કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિને જોતાં ખૂબ ઉત્સાહજનક છે. આ એપ્લિકેશનોમાં કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ,મોન્ટે કાર્લો લિમિટેડ કલ્યાણ ટોલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ વગેરે જેવી નામી કંપનીઓ પણ સામેલ છે. ૩૨ આવેદનોમાંથી ૯ સાબરમતી રેલ્વેજ સ્ટેશન માટે પ્રાપ્ત થયાં છે. આ ચાર સ્ટેશનોના પુનઃ નિર્માણ માટે પુલ ખર્ચ લગભગ ૧૩૦૦ કરોડ રૂપિયા જેટલો થવા જાય છે. જેનું નિર્માણ ક્ષેત્ર લગભગ ૫૪ લાખ વર્ગ ફૂટ જેટલું છે. આ પરિયોજના ઁ એટલે કે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપને અનુમોદન આપનારી પહેલી રેલવે પરિયોજના હોવાનું ગૌરવ પ્રાપ્ત કરશે. કોરોના મહામારીના સમયે પણ રેલવેને ૪ સ્ટેશનોના વિકાસ માટે ૩૨ એપ્લિકેશન મળીકોરોના મહામારીના સમયે પણ રેલવેને ૪ સ્ટેશનોના વિકાસ માટે ૩૨ એપ્લિકેશન મળીહવે આ આવેલ આવેદનોમાંથી,આવેદકોને શોર્ટલિસ્ટ કરવામાં આવશે અને તેમના દ્વારા પ્રપોઝલ મંગાવવામાં આવશે.